# જાહેરાત

Towards a new dawn

**સંકલિત બાળ વિકાસ યોજના (ICDS) અંતર્ગત**

**આઈ.સી.ડી.એસ.શાખા, જિલ્લા પંચાયત, વલસાડ દ્વારા કાર્યરત વલસાડ જિલ્લાની આંગણવાડી કાર્યકર/તેડાગરની જગ્યાઓ અંગે ઓનલાઈન ભરતી માટેની જાહેરાત સને. ૨૦૨૦/૨૧.**

આઈ.સી.ડી.એસ. શાખા, જિલ્લા પંચાયત વલસાડ હસ્તકના ઘટકોની આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી કાર્યકર/તેડાગરની માનદવેતનથી નિમણુંક કરવાની થતી હાલની ખાલીજગ્યાઓ તથા સંભવિત ખાલી જગ્યાઓની વિગત.

**(અરજી માટે વેબસાઈટ https://e-hrms.gujarat.gov.in)**

| તાલુકાની સંખ્યા | ઘટકની સંખ્યા | આંગણવાડી કાર્યકરની હાલની ખાલી જગ્યા / સંભવિત ખાલી જગ્યા | આંગણવાડી તેડાગરની હાલની ખાલી જગ્યા / સંભવિત ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૬ | ૧૫ | ૮૫/૭ | ૧૧૩/૩ |

- મહિલા ઉમેદવાર જે તે આંગણવાડી કેન્દ્ર વિસ્તારની સ્થાનિક રહેવાસી હોવી જોઈએ તથા તે અંગેની મામલતદારશ્રી દ્વારા (જાહેરાત પ્રસિદ્ધ થયા તારીખ પહેલાના (૬) માસના સમયગાળા સુધીનું) ઈશ્યુ કરેલ જનસેવા કેન્દ્રનું નિયત નમુનાનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.(માર્ગદર્શિકા મુજબ)
- અરજી કરવાની છેલ્લી તારીખને કટ-ઓફ-ડેટ ગણવામાં આવશે. અરજી કરવાની છેલ્લી તારીખે અરજદારની ઉંમર, શૈક્ષણિક લાયકાત અને અન્ય નિયત લાયકાત માટેના માપદંડ પુર્ણ થયેલા હોવા જોઈએ.(માર્ગદર્શિકા મુજબ)
- આંગણવાડી કાર્યકર/તેડાગરની માનદસેવામાં પસંદગી માટે અરજી કરનાર મહિલા અરજદારની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૧૮ વર્ષ પૂર્ણ હોવી જોઈએ અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ. અગ્રતા ધોરણે આંગણવાડી કાર્યકર તરીકે માનદસેવામાં પસંદગી માટે અરજી કરનાર તેડાગરની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૪૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ.
- આંગણવાડી કાર્યકરની ખાલી જગ્યા પર અગ્રતાનો લાભ આપવા માટે તેડાગરની ૧૦ વર્ષની સંતોષકારક સેવા, રિફ્રેશર તાલીમ અને એ જ આંગણવાડીમાં હાલની તેડાગર તરીકેની સેવા એવા તમામ માપદંડ પૂર્ણ કરાતા હોવા જોઈએ.
- અરજી માટે વેબસાઈટ https://e-hrms.gujarat.gov.in ઉપર દર્શાવેલ સુચનાઓ અને નિયમો વાંચીને અંગ્રેજીમાં ફ્રોર્મ ભરવાનું રહેશે. ઓનલાઈન અરજી જાહેરાત પ્રસિધ્ધ થયાથી દિન-૨૧ માં તારીખ: ૧૧/૦૮/૨૦૨૦ થી ૩૧/૦૮/૨૦૨૦ (રાત્રે ૧૨:૦૦ કલાક) સુધીમાં કરવાની રહેશે.
- ઓનલાઈન અરજી ઉપરોકત દર્શાવેલ વેબસાઈટમાં આપેલ વિગતો પ્રમાણે કરી શકાશે. આંગણવાડીની ખાલી જગ્યાઓમાં અરજી કરવા માટે જે તે આંગણવાડી કેન્દ્રને પસંદ કરી આંગણવાડી કાર્યકર/તેડાગર માટે અરજી કરવાની રહેશે.
- આંગણવાડી કાર્યકર/તેડાગરની માનદ સેવામાં પસંદગી માટે સામાન્ય શરતો મુજબની લાયકાત, ઉંમર અને શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોની ઓનલાઈન મેરીટ યાદી બનાવવામાં આવશે. આંગણવાડી કાર્યકરની શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૨ પાસ અથવા ધોરણ ૧૦ પાસ પછીના AICTE માન્યતા પ્રાપ્ત કોઈપણ ઓછામાં ઓછા ૨ વર્ષના ડિપ્લોમા કોર્ષ પાસ અને આંગણવાડી તેડાગરની શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૦ પાસ છે. જો કે વધુ લાયકાત ધરાવતા ઉમેદવાર અરજી કરી શકશે. શૈક્ષણિક લાયકાત પ્રાપ્ત ગુણનાં ભારાંક અન્વયે મેરીટ યાદી તૈયાર થશે. ખાલી જગ્યા ભરવા માટે વિચારણા હેઠળના આંગણવાડી કેન્દ્રવાર ઓનલાઈન મેરીટ યાદી નિયત પધ્ધતિ અનુસરીને જાહેર કરવામાં આવશે.
- આ માટેની અરજી કરવાની પધ્ધતિ અને માર્ગદર્શિકા ઉપરોકત વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે.
- વધુ માહિતી માટે વલસાડ જિલ્લાના સબંધિત તાલુકાના બાળ વિકાસ યોજના અધિકારી (ICDS), તાલુકા પંચાયત કચેરીનો સંપર્ક કરવો.

Arpit

જિલ્લા વિકાસ અધિકારી
જિલ્લા પંચાયત વલસાડ

10/08/20